# સે. ૭ની યુવતીને ફોન પર ખૂન કરી નાંખવાની ધમકી મળી

## બાપુનગરના ત્રણ શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-બીમાં રહેતી યુવતીને ૯ માર્ચે સવારથી સાંજ સુધી બાપુનગરના ત્રણ શખ્સોએ મોબાઈલ ફોન કરીને તારા પિતાને જોઈ લઈશ અને તારૂ ખુન કરી નાંખીશ તેવી ધમકીઓ મળતા યુવતીએ સેક્ટર-૭ પોલીસનો સંપર્ક સાંધ્યો હતો. પોલીસે યુવતીની ફરીયાદને આધારે ત્રણ શખ્સો વિરૂદ્ધ ધમકીભર્યો ફોન બદલ ગુનો નોંધીને તેમની શોધખોળ શરૂ કરી છે.

સેક્ટર-૭ બ્લોક નં. ૧૬૬/૧માં જ-ટાઈપ ખાતે રહેતી યુવતી કુંજલબેન ગણેશભાઈ વાઘેલાને ૯મી માર્ચે સવારે ૧૦ થી સાંજે ૪.૩૦ સુધી મોબાઈલ પર ધમકીઓ મળી હતી. જેમાં 'તારી બહેન તારા ઘરે આવતી રહી છે. તારા પિતાને જોઈ લઈશ, તારૂ પણ ખૂન કરી નાંખીશ...' જેવી ધમકીઓ મળી હતી. જેને પગલે કુંજલબેને સેક્ટર-૭ પોલીસમથકે જઈને અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા ગુણવંત કનુભાઈ પરમાર, તેજસ કનુભાઈ પરમાર અને જે નંબર પરથી કોલ આવ્યો હતો તે નંબરનો ધારક મળીને ત્રણેય શખ્સો વિરૂદ્ધ ફરીયાદ આપતા સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધીને તપાસનો દોર શરૂ કર્યો છે.



(તસવીર : દિપક જાની)

સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા ૮ માર્ચ વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન સોમનાથ મંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં બેસ્ટ વુમન પર્સનાલીટી સ્પર્ધાનો એવોર્ડો એનાયત કરાયા હતા.

# આલમપુર ગામમાં રાત્રે દારૂના કટીંગ વખતે જ પોલીસ ત્રાટકી

## ૫.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એકની ધરપકડ : રાજસ્થાનથી આવેલી સુમોમાંથી ગવર્નમેન્ટ ઓફ ગુજરાત લખેલી સુમોમાં દારૂ ભરાઈ રહ્યો હતો : એક વોન્ટેડ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આલમપુર ગામની સીમમાં ઓ.એન.જી.સી. કુવાના ખરાબાની જગ્યાએ મધરાત્રે રાજસ્થાનથી દારૂ-બિયર ભરીને અંધારામાં નાસી છુટવામાં સફળ રહ્યો હતો. ચિલોડા પોલીસે પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધીને ઝડપાયેલા શખ્સની પુછપરછ શરુ કરી વોન્ટેડ આરોપીની શોધખોળ શરુ કરી છે.

### પકડાયેલો બુટલેગર ડીવાયએસપીના રાઈટરનો પુત્ર છે

દારૂ-બિયરનું કટીંગ કરાવી રહેલો આલમપુર ગામનો નરેન્દ્ર ઉર્ફે નરેશ સોલંકીના પિતા વનરાજસિંહ એએસઆઈ તરીકે ફરજ બજાવે છે.જે ગાંધીનગર સચિવાલયના સલામતિ શાખામાં ડીવાયએસપીના રાઈટર તરીકે ફરજ બજાવતા હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોકત દરોડામાં પકડાયેલી ગવર્નમેન્ટ ઓફ ગુજરાત લખેલી સુમો કાર પણ જુના સચિવાલયના કોઈ ખાતામાં ટેન્ડર હેઠળ કોન્ટ્રાકટ કરાયેલી છે.

આવેલી સુમો ગાડીમાંથી ગવર્નમેન્ટ ઓફ ગુજરાત લખેલી સુમો ગાડીમાં દારૂ-બિયરનું કટીંગ થઈ રહ્યું હતું તે જ સમયે બાતમીને આધારે ચિલોડા પોલીસે દરોડા પાડીન બે સુમો ગાડીઓ તથા દારૂ-બિયરનો જથ્થો મળી રૂ. ૫.૩૦ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી લીધી હતી. રાજસ્થાનથી આવેલી સુમોગાડીનો ચાલક રાત્રિના

મળતી માહિતી મુજબ ગાંધીનગર પાસેના આલમપુર ગામની સીમમાં સ્થિત ઓએનજીસી કુવાના ખરાબામાં ગઈ કાલે રાત્રે ૧૨ વાગ્યે આલમપુર ગામનાં બુટલેગર દ્વારા રાજસ્થાનથી દારૂ-બિયર ભરીને આવેલી સુમો કારમાંથી કટીંગ કરવામાં આવી રહ્યું હોવાની બાતમી ચિલોડા પી.આઈ. બી.સી. ઠકકરને મળી હતી. જેને આધારે રાત્રે ૧૨ વાગે સ્ટાફના માણસોને લઈ જઈને પી.આઈ.એ દરોડો પાડયો હતો. રાજસ્થાનથી દારૂ-બિયર ભરીને આવેલી સુમો ગાડી નં. આર.જે. ૨૭ યુ.એ. ૧૬૧૦માંથી ગવર્નમેન્ટ ઓફ ગુજરાત લખેલી સુમો નં. જીજે ૧૮ એકસ ૧૭૬૦૭માં કટીંગ ચાલી રહ્યું હતું. દરમિયાન પોલીસને જોઈને રાજસ્થાનનો બુટલેગર અંધારામાં ફરાર થઈ ગયો હતો જયારે આમલુપરના નાના વાસમાં રહેતો બુટલેગર નરેન્દ્ર ઉર્ફે નરેશ વનરાજસિંહ સોલંકીને પોલીસે ઝડપી પાડયો હતો. સુમોમાંથી ૩૭૨ નંગ દારૂ-બિયરની બોટલ અને ટીમ મળી આવ્યા હતા. ચિલોડા પોલીસે ૧,૨૯,૬૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો તથા ૩.૯૦ લાખની કિંમતની બે સુમો કાર તથા મોબાઈલ મળીને રૂ. ૫,૩૦,૧૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને નરેશની ધરપકડ કરી લીધી છે. અને ફરાર થઈ ગયેલા રાજસ્થાનના બુટલેગરની શોધખોળ પી.આઈ. બી.સી. ઠકકરે આરંભી છે.

# વિશ્વ ગ્રાહક દિન નિમિત્તે ગ્રાહક સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ, ગાંધીનગર દ્વારા ૧૫મી માર્ચે વિશ્વ ગ્રાહક દિન નિમિત્તે તા. ૧૨મી માર્ચથી ૧૮મી માર્ચ સુધી ગ્રાહક સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રોડ શૉ પણ યોજાઈ રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં, કલોલ તાલુકામાં તથા ગાંધીનગર તાલુકામાં ગ્રાહકોના હક્ક હિતોના રક્ષણ માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ગ્રાહક હિત રક્ષણના કાર્યક્રમ અંતર્ગત સમિતિ દ્વારા રોડ શૉ નું આયોજન કરવામાં આવ્યું છે. આ રોડ શૉ માં ગ્રાહકોના હક્કોની જાણકારી આપતી પત્રિકાઓનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે. ગ્રાહકોને તેમના હક્ક હિતોની જાણકારી મળે તે માટેના જરૂરી સૂચનો પત્રિકામાં રજૂ કરવામાં આવ્યા છે. પ્રમુખ ચતુરજી ઠાકોરે ખાસ જણાવ્યું છે કે, ગ્રાહક ક્યાંય છેતરાય નહીં તે માટે તેણે પાંચ બાબતોની ખાસ ચકાસણી કરી લેવી જોઈએ, પેકેટ ઉપર દર્શાવેલ કિંમત કરતા વધુ ભાવ લેવો તે ગુન્હો છે. પેકેટ ઉપર દર્શાવેલ કિંમતમાં ચેકચાક કરવી તે પણ ગુન્હો છે.

પેકેટ ઉપર દર્શાવેલ તમામ નિર્દેશો સુવાચ્ય હોવા જોઈએ તેમજ ગ્રાહકને સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાએ દર્શાવેલા હોવા જોઈએ, પેકેટ ઉપર દર્શાવેલ નિયત જથ્થો અથવા નંગ દર્શાવેલા માત્રા મુજબ પ્રમાણભૂત એકમમાં દર્શાવેલા હોવા જોઈએ, જો આ સંદર્ભે કોઈ ફરિયાદ હોય તો ગ્રાહક નાયબ સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, ગ્રાહક બાબતો, સચિવાલય, ગાંધીનગરને અથવા નિયંત્રક કાનૂની માપ અને વિજ્ઞાન નિયામકશ્રી ગ્રાહક બાબત, એમ.એસ. બિલ્ડીંગ, સે. ૧૧ અથવા જિલ્લા પુરવઠા અધિકારી કલેક્ટર કચેરી સેક્ટર-૧૧ અથવા ચતુરજી ઠાકોર પ્રમુખ ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિને કરી શકે છે.

# બે વર્ષથી નાસતો ફરતો રીઢો ઘરફોડીયો ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના સેક્ટર-૭ માણસા અને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં ઘરફોડ ચોરી કરનાર ગેંગ ઝડપાઈ હતી. જેમાં એક દાહોદના રીઢા ઘરફોડીયાનું નામ ખુલ્યું હતું. બે વર્ષની વોન્ટેડ આ ઘરફોડીયાને દાહોદ પોલીસે પકડ્યો હતો. જેને ગાંધીનગર એલ.સી.બી. ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે અને સે. ૭ પોલીસને સોંપવામાં આવ્યો છે. સે. ૭ પોલીસે તેની ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

વર્ષ-૨૦૧૧માં ગાંધીનગર પોલીસે એક ઘરફોડ ચોરી કરતી ગેંગને પકડી પાડી હતી. જેમાં સેક્ટર-૭ પોલીસની હદના બે ઘરફોડ ચોરીના ગુનાઓ ઉપરાંત માણસા અને કલોલ તાલુકા પોલીસની હદના ઘરફોડના ગુનાઓ પણ ડીટેક્ટ થયા હતા. આ ગેંગમાં સામેલ દાહોદના લીમખેડા તાલુકાનો રીઢો ઘરફોડીયો ભાવેશ ઊર્ફે ભાવસિંહ વરસિંગ બારીયા બે વર્ષથી નાસતો ફરતો હતો. દરમ્યાન બે દિવસ અગાઉ દાહોદ પોલીસના હાથમાં આ રીઢો ઘરફોડીયો આવી ગયો હતો. જેની પૂછપરછમાં ગાંધીનગરના ગુનાઓ ઉકેલાતા ગાંધીનગર એલ.સી.બી. તેને ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે અને સે. ૭ પોલીસને સોંપતા કડક પૂછપરછ હાથ ધરવામાં આવી છે.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાની ૧૦ નિશાળોમાં વિવિધ વસ્તુનું વિતરણ કર્યું હતું. ગડાદર, શામળપુર, ભવાનપુર, સદરડી, દેવની મોરી, અસાલ, આશ્રમ કુટીર છાપરા નવલપુરા તથા છાત્રેશ્વરીમાં ૧૦૦ પેકેટ ચોખા, ૪૮૦ નંગ ટીશર્ટ, ૧૦૦ નંગ નાહવાનાં સાબુ ૩૦૦ પેન્સિલ, ૪૦ કંપાસનું વિતરણ કરેલ હતું. આંગણવાડીમાં રમકડાનું વિતરણ કરાયું હતું. ધોરણ-૭-૮નાં બાળકોને બોલપેન આપવામાં આવી હતી. નાસિકથી આવેલ શ્રીમતિ ગુપ્તે, મધુરા, મીનાબેન ગુપ્તે વિલેશ તથા મિલિન્દભાઈ હતા.

### આજે પેથાપુર શિવકથામાં શિવવિવાહનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે શિવ મહાપુરાણ કથાનું અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજે તા. ૧૩મી માર્ચ બપોરે ૨.૩૦ કલાકે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવકથામાં શિવ વિવાહ પ્રસંગનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધાર્મિકજનોને પધારવા આયોજક દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### આજે શ્રી રામકૃષ્ણ પરમહંસની જન્મ જયંતિ નિમિત્તે સત્સંગ કાર્યક્રમ યોજાશે

શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવની ૧૭૮મી જન્મ જયંતિ નિમિત્તે વિશેષ સત્સંગ તા.૧૩મી માર્ચે બુધવારે સાંજે ૬.૩૦ થી ૮ કલાક દરમિયાન પ્લોટ નં. ૧૬૩૨/૨, સેકટર-૨-ડી, ગાંધીનગર ખાતે યોજાશે એમ રજનીભાઈ ભટ્ટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે તથા આ શુભ પ્રસંગે નગરજનોને તેમાં જોડાવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### આજે આનંદનો ગરબો યોજાશે

શ્રદ્ધા, ભક્તિ અને આસ્થાના સંગમ સાથે ગાંધીનગરના કિરીટસિંહ ભવાનસિંહ વાઘેલાના નિવાસસ્થાને પ્લોટ નં. ૪૩૪/૧, સેક્ટર-૩-સી, ગાંધીનગર ખાતે આજે તા. ૧૩મી માર્ચ-૨૦૧૩ ના રોજ બપોરે ૨ કલાકે ભાવનાબેન ગોકલાણીની નિશ્રામાં આનંદનો ગરબો યોજાશે. જેમાં ભક્તજનો ખાસ ઉપસ્થિત રહેશે.

### ચક્ષુદાન શ્રેષ્ઠ દાન

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલના સહયોગથી તાજેતરમાં નારદીપુરના ખોડીદાસ રામદાસ પટેલના સ્વર્ગવાસ બાદ તેમના કુટુંબીજન ભરતભાઈ પટેલની સંમતિથી તેમની ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે.

ચક્ષુદાન માટે તબીબી સેવા જનરલ હોસ્પિટલના ડૉ. મનિષાબેન દ્વારા આપવામાં આવી હતી. સંસ્થાના કાર્યકર સન્ની વાઘેલાએ પણ સમગ્ર કામગીરીમાં જરૂરી સેવા પૂરી પાડી હતી. ચક્ષુદાનમાં આવેલા ચક્ષુઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ-ચક્ષુબેંકમાં બી.એસ. ચૌહાણ દ્વારા પહોંચાડવામાં આવ્યા હતા.

### ચિલોડા મોટા ખાતે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ૧૮મા સ્થાપના દિને

# ૫.૩૦ કરોડના ખર્ચે સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ૧૨૮ આવાસો બાંધવાના કામનું ખાતમુર્હુત મંત્રી આનંદીબેન પટેલના હસ્તે થયું



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા મોટા ખાતે દિન પ્રતિદિન વિકાસ કૂચની યાત્રાના પ્રારંભે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની ૧૮મા સ્થાપના દિને વિકાસ કામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરી ઉજવણીના કાર્યક્રમો યોજી માર્ગ-મકાન વિભાગના મંત્રી શ્રીમતી આનંદીબેનની ઉપસ્થિતિમાં ચિલોડામાં સવારે ૯.૧૫ કલાકે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સામાજિક અને આર્થિક પછાતવર્ગના લોકો માટે ગુડા દ્વારા માળખાકીય સુવિધાઓ સ્થાપિત કરવાના હેતુથી નગરરચના યોજના નં. ૧૭ ચિલોડા મોટા ખાતે ફાઈનલ પ્લોટ નં. ૧૯૦માં રૂ. ૫.૩૦ કરોડના ખર્ચ ૧૨૮ આવાસો બાંધવાના કામનું ભૂમિપૂજન અનાવરણ વિધિ તથા ખાતમુર્હુત તા.૧૨મી માર્ચ ઐતિહાસિક દાંડી યાત્રા અને ગુડાના ૧૮મા સ્થાપના દિનની ઉજવણી રૂપે રાજયના શહેરી વિકાસ ગૃહનિર્માણ, મહેસુલ અને માર્ગ મકાન વિભાગના મંત્રી શ્રી આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુડાના અધ્યક્ષશ્રી અશોકભાઈ ભાવસાર, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, દક્ષિણ વિધાનસભાના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, મુખ્ય કારોબારી અધિકારી શ્રીમતિ ડી. તારા વગેરે મહાનુભાવોએ ખાતમુર્હુતની વિધિમાં ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમની સાથો સાથ ચિલોડા ટી.પી. સ્કીમ ગુડા દ્વારા વિવિધ વિસ્તારોમાં હાલ રસ્તા વિકાસના કામનો આરંભ થઈ ચુકયો છે તેનો લાભ સમગ્ર ગામને મળશે તેવો વિશ્વાસનો સૂર વ્યકત થઈ રહ્યો છે. આ ઉપરાંત વિવિધ લોક ઉપયોગી જન સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ પ્રસંગે આજે મોટી સંખ્યામાં મહાનુભાવોમાં ઓમ એજયુકેશન સંકુલના ગીરીશભાઈ રાવલ, અશોકભાઈ રાવલ, ચિલોડા ગામના સરપંચશ્રી સવાજી ભુલાજી ઠાકોર, બ્રહ્માકુમારી બહેનો, ગામના અગ્રણી આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૨

સૂર્યાસ્ત : ૬.૪૬

## તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સારે જહાં સે મેંહગા : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦

મિશન ઓસામા બીન લાદેન : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન (હોલ્ડ) : ૯.૧૫

કાઈ પૉ છે : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૧૦.૩૦

ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૮.૦૦

: સ્ક્રીન-૩ :

કાઈ પૉ છે : ૧૦.૩૦

ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૧.૦૦, ૩.૩૦

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

લૂંટેરે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

લૂંટેરે : ૧૨.૪૫, ૫.૧૫

### ચિરાગ, કલોલ

હું છું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શક્યતા છે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. હીરાજી શંકાજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જેઠાજી પ્રેમજીભાઈ પટેલ (ઉ.વ. ૯૭) બ્લોક નં. ૩૨૮, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. વીનુજી ઉદાજી દેવડા (ઉ.વ. ૫૨) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.